# મુંબઇ બેઠકની સાઇડ ઇફેક્ટ્સ જોષીની ગુજરાત એન્ટ્રીમાં બ્રેક

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૨૩

## કેશુભાઇને ઉપરથી મળતા સમર્થનનો એક પાયો છીનવાયો, ૨૦૧૨માં ગડકરી અને મોદીની ધરી



ગુજરાત ભાજપમાં સંજય જોષીની એન્ટ્રી થતી રોકવા માટે તેમને રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાંથી દૂર કરવામાં આવ્યા હોવાનું જણાઇ આવે છે. ગુજરાત ભાજપને એવો ડર હતો કે વિધાનસભાની ચૂંટણીમાં સંજય જોષીને રાજ્યમાં ચૂંટણી પ્રચારની જવાબદારી સોંપવામાં આવશે.

મોદી સાથે જોડાયેલા પ્રદેશના નેતાઓ એવું પણ અનુમાન લગાવી રહ્યાં છે કે મોદી સામે વિવિધ સમાજોને એકત્ર કરી રહેલા પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલને હાઇકમાન્ડમાંથી એક ટોચના સિનિયર નેતા અને સંજય જોષીનો દોરીસંચાર છે.

સંજય જોષીને ઉત્તરપ્રદેશની ચૂંટણીનો હવાલો સોંપવામાં આવ્યો હતો તેથી નરેન્દ્ર મોદી ઉત્તરપ્રદેશમાં ચૂંટણીના પ્રચારથી દૂર રહ્યાં હતા. ઉગતા દુશ્મનોને રાજકીયરીતે ડામી દેવા માટે મોદી કુશળ મનાય છે. પાર્ટીના સૂત્રો કહે છે કે કેશુભાઇ પટેલ ગુજરાતમાં નવો કોઇ જુવાળ ઉભો કરે તે પહેલાં મોદી તેમને રોકવાના તમામ પ્રયાસો કરશે.

## છેલ્લી બે ચૂંટણીમાં ભાજપે સંજય જોષીનો સાથ લીધો નથી,હવે ત્રીજી ચૂંટણીમાં પણ નહીં લેવાય

અગાઉ સંજય જોષી ગુજરાતમાં પ્રદેશ મહામંત્રી રહી ચૂકયાં છે. તેઓ ભાજપના કાર્યકરોમાં આજેપણ ભય વિનાનું આદરપાત્ર સ્થાન ધરાવે છે. સંજય જોષીને ઉત્તરપ્રદેશનો ચૂંટણી હવાલો સોંપવામાં આવ્યો ત્યારે તેઓને પાર્ટી ગુજરાતનો હવાલો પણ સોંપી શકે છે તેવો અણસાર મોદીને અગાઉથી આવી ગયો હતો. છેવટે મુંબઇની કારોબારીમાં આ મિશન પૂર્ણ થયું છે.

ગુજરાતમાં કેશુભાઇ પટેલ ૨૦૦૭ પછી સક્રિય બન્યાં છે. વિવિધ સમાજોના સંમેલનોમાં હાજરી આપીને સરકાર અને મોદી વિરૂદ્ધની ટીકાઓ કરે છે. સંજય જોષીનું પત્તુ કાપીને મોદીએ કેશુભાઇને ઉપરથી મળતા ટેકાનો એક પાયો કાપી નાંખ્યો છે, અને નિતીન ગડકરીને સાથે લઇ લીધા છે. એટલે કે હવે ગુજરાતની ચૂંટણીમાં મોદી અને ગડકરીની ધરી કામ કરી શકે છે.

ગુજરાતમાં છેલ્લે ૧૯૯૮ની ચૂંટણીમાં ભાજપે સંજય જોષીનો સાથ લીધો હતો પરંતુ ૨૦૦૨ અને ૨૦૦૭ની ચૂંટણીમાં તેમનો સાથ લીધો નથી, હવે ૨૦૧૨માં પણ સંજય જોષી બાકાત રહેશે.






### નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૨૭-૫-૧૨, રવિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. બોરીજ ગામ. PNT
૨. સેક્ટર-૨૩,
કડી સ્કૂલ S/S

સહી/-
ટોરેન્ટ પાવર લિમિટેડ











Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com